GJVD020395882022		Presented on	30/11/2022
		Registered on	02/12/2022
		Decided on	29/11/2025
		Duration	Y 2 M 11 D27

:: નમૂના – અ ::

મે.વડોદરાના જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી બી. એમ. રાજ) (પ્રથમ કોર્ટ) સમક્ષ, વડોદરા	
ચુકાદાની તારીખ	૨૯/૧૧/૨૦૨૫
ફો. કે. સંખ્યા	29686/2022
જજમેન્ટ આંક	
ગુનાની વિગત	
ગુનાની કલમ	ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮
પ્ર. માહિતી અહેવાલ સંખ્યા	–
પોલીસ સ્ટેશન	–
ફરિયાદી પક્ષ	**દેવેન્દ્ર મધુભાઈ અમીન,** **રહે. ૨૩, શ્રીનાથ ધામ સોસાયટી, દીનેશ મીલ ની પાછળ, અલકાપુરી, વડોદરા.**
રજૂઆત	ફરિયાદ પક્ષ તર્ફે વિ. વકીલશ્રી કે.કે.શાહ
આરોપી પક્ષ	**સંગીતા પરીક્ષિત મહેતા** રહે. ''પરીક્ષિત'', ૪૦૧/ એ ટાવર ચોથે માળ, સાકેત ફલેટસ, વી.એમ.સી. વોર્ડ ઓફીસ–૬ પાછળ, અકોટા
રજૂઆત	આરોપી તર્ફે વિ. વકીલ શ્રી આઈ.એસ.દાયમા

:: નમૂના – બ ::

ગુનાની તારીખ	–
પ્ર. માહિતી અહેવાલની તારીખ	–
આખરી અહેવાલની તારીખ	–
તહોમતનામાની તારીખ	–
પુરાવો શરૂ થયાની તારીખ	–

ચુકાદા માટે રાખવાની તારીખ	૨૧/૧૧/૨૦૨૫
ચુકાદાની તારીખ	૨૯/ ૧૧/૨૦૨૫
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	૨૯/ ૧૧/૨૦૨૫

:: આરોપીની વિગત ::

આરોપી નું અનુક્રમ	આરોપીનું નામ	ધરપકડ ની તારીખ	જામીન મુક્તિ તારીખ	તહોમત	શું નિર્દોષ છોડ્યુ / સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ
૧	સંગીતા પરીક્ષિત મહેતા	–	–	ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮	સજા	આખરી હુકમ મુજબ	–

:: નમૂનો ક ::

ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદ પક્ષ

અનુ ક્ર.	**નામ**	**પુરાવા નો પ્રકાર**
ફ.સ.૧	દેવેન્દ્ર મધુભાઈ અમીન	ફરિયાદી

ફરિયાદી / બચાવ / ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદ પક્ષ

અનુ ક્ર.	**આંક સંખ્યા**	**વર્ણન**
૧.	૦૪	ફરીયાદી દેવેન્દ્ર મધુભાઈ અમીન ની જુબાની
૨.	૦૭	અસલ ચેક નં. ૦૬૮૪૬૫

૩.	૦૮	અસલ રીટર્ન મેમો
૪.	૦૯	ચેક બેંક માં ભર્યાની અસલ સ્લીપ
૫.	૧૦	નોટીસની સ્થળપ્રત
૬.	૧૧	પોસ્ટ ખાતાની સફેદ પાવતી
૭.	૧ ૨	પોસ્ટ ખાતાનો ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ
૮.	૨૨	ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ
૯.	૩૨	યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના એકાઉન્ટ નં. ૪૩૩૯૦૨૦૧ ૦૫૦૧૫૯૨ ના ખાતાનો ઉતારો
૧૦	૩૩,૩૪,૩૫	કોટક મહીન્દ્રા બેંક નો એકાઉન્ટ નં. ૯૬૧૩૮૬૪૫૩૫ ના ખાતાનો ઉતારો
૧૧	૩૬	આરોપી તરફે પુરાવા બંધની પુરસીસ

:: જજમેન્ટ ::

ફરિયાદની ટૂંકમાં હકિકત

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમા હકીકત નીચે મુજબ છે.

- ફરીયાદી ખેતી કામ કરે છે. ફરીયાદી અને આરોપી એક જ સોસાયટી માં વડોદરા ખાતે રહેતા હોઈ આરોપી તથા આરોપીના પતી સાથે ફરીયાદીન પરીચય થયેલ.
- એકાદ વર્ષ પહેલા આરોપી અને આરોપીના પતી ફરીયાદી પાસે જઈ તેઓને પૈસાની જરુરીયાત હોઈ ચાર લાખ હાથ ઉછીના ની માંગણી કરેલ અને છ માસમાં આ નાણા પરત આપી દેવાની ખાતરી આપેલ.
- આરોપીના પાકા ભરોસા અને વિશ્વાસના કારણે ફરીયાદીએ આરોપીને હાથ ઉછીના નાણા રુ. ચાર લાખ આપેલ જે ફરીયાદીએ તેમની અંગત બચત તથા ખેતીની જમીનના વેચાણની કીમતમાં થી આપેલ હતા.
- છ માસ બાદ, ફરીયાદીએ આરોપી પાસેથી પોતાના નાણાની માંગણી કરતા, આરોપીએ ફરીયાદીને આઈ.ડી.બી.આઈ. બેંક, નિઝામપુરા શાખા, વડોદારનો પોતાના એકાઉન્ટ નો ચેક નં. ૦૬૮૪૬૫ નો તા. ૧૨/૧૦/૨૦૨૨ નો આપેલ અને આ ચેક બેંકમાં

ભરશો તો સ્વીકારાઈ જવાનો વિશ્વાસ આપેલ. ફરીયાદીની રુબરુમાં આરોપીએ આ ચેકમાં સહી કરીને આ ચેક ફરીયાદીને આપેલ હતો.

- આરોપીના વિશ્વાસ મુજબ ફરીયાદીએ ફરીયાદવાળો ચેક તેઓના એક્ષીસ બેંક, અકોટા શાખા, વડોદરા માં આવેલ બેંક એકાઉન્ટમાં નાખતા, આ ચેક તા. ૧૪/૧૦/૨૦૨૨ ના રોજ ફંડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે પરત ફરેલ.
- જેથી ફરીયાદીએ આરોપીને આ ચેક પરત ફર્યાની જાણ કરેલ, આરોપીએ જણાવેલ કે હાલ નાણાની વ્યવસ્થા થયેલ નથી અને નાણા આપેલ નહી.
- જેથી ફરીયાદીએ આરોપીને તા. ૧/૧૧/૨૦૨૨ ના રોજ વકીલ શ્રી મારફત આ કાયદા અન્વયેની ડીમાન્ડ નોટીસ રજી. પો.એ.ડી. થી મોકલી આપેલ. જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા, આરોપીએ સમય મર્યાદામાં ફરીયાદીને આ ચેકના નાણા ચુકવી આપેલ ન હોઈ, ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરી, આરોપી ને ધી નેગો.ઈ.એ.ક. ૧૩૮ ના ગુના સારુ કાયદેસર થવા રજુઆત કરેલ છે.

(૨) <u>કેસ દાખલ થયા પછી પ્રક્રિયા</u>

ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ તથા સાથે સામેલ ફરીયાદીનું વેરીફીકેશન, દસ્તાવેજો અને ફરીયાદીના સરતપાસનું સોગંદનામું ધ્યાને લઈ નામદાર સર્વોચ્ચ અદાલતે ''**ઈન્ડીયન બેંક એસોશીયેશન એન્ડ અધર્સ વિ. યુનીયન ઓફ ઈન્ડીયા** (Writ petition no- 18/2013)'' ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ ગાઈડલાઈન્સ મુજબ આરોપી સામેના ગુનાનું કોગ્નીઝન્સ લઈ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતાં ફરીયાદ તથા સાથે સામેલ દસ્તાવેજી પુરાવા અને ફરીયાદીના સરતપાસના સોગંદનામાની નકલો આરોપીને આપી તેઓ સામેના આક્ષેપીત ગુન્હા અંગે સમજ આપી **આંક– ૦૬** ની વિગતે **પ્લી** રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કબુલ નથી તેવું જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) <u>સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ નિવેદન તથા આરોપીનો બચાવ</u>

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા પછી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓની હાજરીમાં અને સાંભળતા પુરાવો નોંધવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને તેઓની ઉપર આક્ષેપાયેલ તમામ હકિકતો નકારી ફરીયાદીએ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, સને ૨૦૧૯ માં ફરીયાદી સાથે રુ. એક લાખ પચાસ હજાર નો વ્યવહાર થયેલ અને તે રકમ પરત આપી દીધેલ હતી, પરંતુ ફરીયાદી પાસે રહેલ આરોપીના ચેક ફરીયાદીએ આરોપીને પરત આપેલ નહી અને તે ચેકોનો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

(૪) <u>દલીલો</u>

ફરિયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી પોતાની મૌખીક દલીલોમાં મહદઅંશે ફરિયાદ હકીકતનુ વર્ણન કરેલ હોય જેની ઉપર વિગતવારની ચર્ચા કરવામાં આવેલ હોય જેથી અત્રે પુનરાવર્તન ટાળવામાં આવે છે. વધુમાં જણાવેલ છે કે, ફરિયાદીની આરોપી તરફે ઉલટતપાસ થયેલ હોવા છતાં કોઈ વિરુધ્ધની હકીકતો રેકર્ડ પર આવેલ નથી કે કાયદાકીય અનુમાનોનુ ખંડન થાય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કામે આરોપીએ પોતે જાતે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે પોતાના તરફે કોઈ સાહેદનો પુરાવો પણ રજુ કરી કાયદાકીય અનુમાનોનું ખંડન કરેલ નથી. આમ,ફરિયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોવાથી આરોપીને તકસીરવાન ઠરાવવા જણાવેલ છે. વધુમાં,ફરીયાદ પક્ષે તેઓની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

1.	**૨૦૨૦ (૧૨) એસ.સી.સી. પેજ નં. ૭૨૪**
2.	૨૦૧૯ ક્રિ.લો. રી. (એસ.સી.) પેજ નં. ૧૮૭
3.	**AIR 2012 SUPREME COURT PAGE NO. 528**
4.	ધ્વારા **2001 (1) Crimes.S.C. Page No. 165,**
5.	**AIR 2001 SC Page No. 3897**

(૫) આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી નાઓ ની દલીલ વંચાણે લીધી. આરોપી પક્ષે તેઓની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે જે માનસહ વંચાણે લીધા.

1.	AIR 2019 1983 SC
2.	2012(4) CRIMES-101 GUJARAT HIGH COURT
3.	2007(2) CRIMES -SC- 318
4.	2002 CRLJ 3469 GUJARAT HIGH COURT
5.	2007(1) DCR 562 GUJARAT HIGH COURT
6	AIR 2023 SC 471
7	2009(2) CRI LJ 3777 MUMBAI HIGH COURT
8	2015 SCC 99

(૬) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે–

:: નિર્ણય અર્થેના મુદ્દાઓ ::

૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, ફરીયાદીએ વટાઉખત અધિનીયમની કલમ ૧૩૮ તથા ૧૪૨(૧) ની આદેશાત્મક જોગવાઈઓ ને અનુસરીને હાલની ફરીયાદ કરેલ છે ?

૨. શું ફરિયાદ પક્ષ સાબીત કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે પોતાના આઈ.ડી.બી.આઈ. બેંક, નિઝામપુરા, વડોદરા શાખાનો તા. ૧૨/૧૦/૨૨ ના રોજનો રુ. ૪,૦૦,૦૦/– નો ચેક નં. ૦૬૮૪૬૫ આપેલ, જે ફરીયાદીએ તેઓની એક્ષીસ બેંક, અકોટા શાખા,વડોદરા ખાતે આવેલ બેંક એકાઉન્ટમાં ભરત, ફંડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે પરત આવેલ. જેથી ફરિયાદીએ સમય મર્યાદામાં નોટીસ આપી ચેકોના નાણાંની માંગણી કરેલ તે નોટીસ

આરોપીને બજી ગયા હોવા છતાં ફરીયાદીની કાયદેસરની લેણી રકમ નિયત સમય મર્યાદામાં નહીં ચૂકવીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

ઉપરોકત મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

// નિર્ણય ના કારણો //

(૭) ફરિયાદીએ હાલની ફરીયાદ ધી નેગો. ઈન્સ્ટ્ર. એકટ ની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. ત્યારે આ કાયદાની જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી છે.

- **કલમ –૧૩૮ :: ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,

આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદ ની શીક્ષા તથા ચેકની રકમની બે ગણી રકમનો દંડ અથવા બંને થઈ શકશે, પરંતુ તેમ ઠરાવવામાં આવ્યુ છે કે, (અ) જયાં સુધી ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદામાં માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો ન હોય. (બ) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારણ જેમ હોય તેમ, તે ચેક વણ ચુકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેની માહીતી મળ્યાના ત્રીસ દીવસની અંદર તે ચેક લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીથી માંગણી કરે નહી અને (ક) જયાં સુધી એવો

ચેક લખનાર ચેકના નાણાં લેનાર પેઈ ને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દીવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી કલમમાંનુ કશુ લાગુ પડશે નહીં.

સ્પષ્ટીકરણ : આ કલમના હેતુ માટે, " દેવુ અથા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે."

- **<u>કલમ – ૧૩૯ : ચેકની ધારણ કર્તાની તરફેણમાં અનુમાન :–</u>**

વિરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુક્ત કરવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

વણ ચુકવ્યો પરત થયેલ ચેક હાલનું કાયદેસરનુ દેવુ કે જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.

આનાથી વીરુધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલા વણચુકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો, તેમ કરવાનો બોજો ચેક લખી આપનાર ઉપર રહે છે.

- **<u>કલમ –૧૪૨: ગુનાનુ કોગ્નીજન્સ:</u>**

(અ) કોઈ પણ કોર્ટ, કલમ ૧૩૮ હેઠળ શીક્ષા પાત્ર કોઈ ગુનાનુ કોગ્નીજન્સ લઈ શકશે નહી સીવાય કે ચેક લેનાર અથવા પ્રસંગ પ્રમાણે તેના ધારકે કરેલી લેખીત ફરીયાદ ઉપરથી હોય,

(બ) કલમ ૧૩૮ પરંતુ ક ના ખંડ (ક) હેઠળ જે તારીખે દાવાનુ કારણ ઉપસ્થિત થયું તે તારીખથી એક મહીનાની અંદર એવી ફરીયાદ કરી હોવી જોઈએ.

પરંતુ જો ફરીયાદી અદાલતને સંતોષ આપી શકે, સમય મર્યાદામાં ફરીયાદ નહી કરવા માટે, તેની પાસે પુરતુ કારણ હતુ તો, અદાલત ઠરાવેલ સમય મર્યાદા પછી, ફરીયાદ ધ્યાન ઉપર લઈ શકશે.

(ક) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના જયુ. મેજીસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાની કોઈપણ કોર્ટ કલમ ૧૩૮ હેઠળ શીક્ષાપાત્ર કોઈ ગુનો ચલાવી શકશે નહી.

(ડ) પરત કરાયેલ ચેક માટે એક જ વખત ગુનાનુ કોગ્નીજન્સ લઈ શકાય, પાવર ઓફ એટર્નીની રુએ આપેલ ચેક પરત થાય તો પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યારનામું આપનાર સામે ફરીયાદ થઈ શકે.

- **<u>કલમ : ૧૧૮ : વટાઉ ખત વીશે માની લેવા બાબત...</u>**

એથી વીરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.
(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ, આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતુ.
(ખ) તારીખ વીશે. : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.
(ગ) સ્વીકારના સમય વીશે : સ્વીકારાયેલ દરેક વીનીમય પત્ર તેની તારીખ પછી અને તે પાયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.
(ઘ) તબદીલીના સમય વીશે: કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.
(ચ) શેરાઓના ક્રમ વીશે : કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.
(છ) સ્ટેમ્પ વીશે : ખોવાઈ ગયેલ પ્રોમીસરી નોટ, વીનીમયપત્ર અથવા ચેક પર રીતસર સ્ટેમ્પ લગાડેલ હતો.
(જ) યથાક્રમ ધારક છે એમ માની લેવા વીશે.

- **<u>કલમ: ૨૦ :</u>**

વટાઉખત સંબંધી ભારતમાં તે સમયે અમલમાં હોય તેવા કાયદા અનુસાર સ્ટેમ્પવાળા કાગળ તદ્દન કોરા રાખીને અથવા તેના ઉપર અધુરુ વટાઉખત લખીને કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યક્તિને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે કાગળના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમા નીર્દીષ્ટ કરેલી રકમ તે યથા પ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પુરુ કરવાનો પ્રથમ દર્શને અધીકાર આપે છે. એ રીતે સહી કરનાર વ્યકિતએ જે હેસીયતમાં વટાઉખત ઉપર સહી કરી હોય તે હેસીયતમાં તે વ્યકિત, તે વટાઉખત ઉપરથી તે રકમ માટે, યથાક્રમ ધારકને જવાબદાર રહેશે, પરંતુ યથાક્રમ ધારક સીવાયની વ્યકિત તે ખત સોંપનાર વ્યકિત પાસેથી તે ખત હેઠળ જેટલી રકમ આપવાનો તેનો ઈરાદો હોય તેથી વધુ રકમ વસુલ કરી શકશે નહી.

- ના. સર્વોચ્ચ અદાલતનો કે. પ્રકાશન વીરુધ્ધ પી.કે. સુરેન્દ્રમ ના કેસમાં **૨૦૦૮(૧) જી.એલ.એચ. પેજ નં. ૩૬૨** ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં ના. એપેક્ષ કોર્ટ ધ્વારા ઠરાવાયેલ છે કે,

> "Having regard to the definition of terms proved and disproved as contained in section 3 of Evidence Act as also burden of proof with regard to passing of consideration cast on accused, the standard of proof in discharge of the burden in terms of s. 139 of the Act being preponderance of a probability, the inference therefor can be drawn not only from the materials brought on record but also from the referene to the circumstance upon which accused relied upon, not necessary that accused should examine himself for discharging the burden."

- આરોપી તરફે આધાર રખાયેલ ૨૦૧૯ (૦) એ.આઈ.જે.ઈ.એલ. – એસ.સી.– ૬૩૯૫૫ બાસાલીન્ગપ્પા વીરુધ્ધ મુદીબાસપ્પા ના કેસમાં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

> 23. We having noiced the ratio laid down by this court in above caseses on Section 118(a) and 139, we now summoarise the principles enumerated by this court in following manner.
>
> 1. Once the execution of cheque is admitted section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.
>
> 2. The presumption under section 139 is rebuttable presumption and the onus is on the accused to raise probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.
>
> 3. To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant I order to raise probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

4. That it is not necessary for the accused to come in the witness box in support of his defence, section 139 imposed an evidentiary burden and not a persuasive burden. 5. It is not necessary for the accused to come in witness box to support his defence.

(૮) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી. એન. આઈ. એકટ ની કલમ – ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. કાયદાની ઉપરોકત જોગવાઈઓ તથા ના. સર્વોચ્ચ અદાલતના બીર સીંગ વીરુધ્ધ મુકેશ કુમાર નો ચુકાદો, રોહીતભાઈ જે. પટેલ વીરુધ્ધ ગુજરાત રાજય ના ક્રિ. અપીલ નં. ૫૦૮/૨૦૧૯ નો ચુકાદો, કે.એન.બીના વીરુધ્ધ મુનીયાપ્પન અને બીજાઓનો ચુકાદો વંચાણે લેતા તથા ના. સર્વોચ્ચ અદાલતના **૨૦૧૮ એ.આઈ.આર. સુ.કો., પેજ નં. ૩૬૦૧, ૨૦૨૨(૩) ક્રાઈમ્સ પેજ નં. ૩૪૩, ૨૦૧૯(૧) ક્રાઈમ્સ પેજ નં. ૨૯૧, ૨૦૨૧ એ.આઈ.આર. સુ.કો. પેજ નં. ૨૮૧૪,** ના ચુકાદા ધ્યાને લઈએ તો, ચેક એ વીનીમયપત્ર છે અને વીનીમયપત્ર અન્વયે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૧૮ મુજબ જો વિરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય શેરાઓનો ક્રમ, ગુમ થયેલ વીનીમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરના ક્રમ થી ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન કરી લેવામાં આવશે. તેવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં, " જયા સુધી વીપરીત પુરવાર કરવામાં ન આવે, ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: દેવા માટે મેળવ્યો હતો." તેવી જોગવાઈ કરેલ છે. આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ છે. તેવી જ રીતે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વીનીમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વીગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યક્તિને એવી સત્તા હસ્તાંતર કરે છે કે, તેમાં ની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી વીનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત કલમ ૧૧૮, ૧૩૯ તથા કલમ ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા મુજબ હાલના ફરીયાદી વીનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે.

સદરહુ કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે. અને જો વિરુધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનુ કાનુની મુલ્ય રહેતુ નથી. આમ, વીરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ – ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા અથવા અન્ય જવાબદારી પુરેપુરી અથવા તેના કોઈ ભાગના બોજામાંથી મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યા હશે. વણચુકવ્યો પરત થયેલ ચેક કાયદેસરનુ દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. આનાથી વીરુધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે આપેલ ન હતો તેમ પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર પર રહે છે. આમ, કલમ–૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે. ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વીરુધ્ધનુ પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી.

- અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયેની દંડનાત્મક જોગવાઈ દેશમાં બેંક ધ્વારા થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવેલ છે. ઉપરોકત કાયદાકીય હકીકતો ધ્યાને લેતા અદાલતે તકરારી ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ છે,

તેવુ કાનુની અનુમાન કરવાનુ રહે છે. અલબત્ત, આથી વિરુધ્ધનો ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર રજુ કરી શકાય છે. આવો પુરાવો અધીનીયમની કલમ ૧૩૯ હેઠળના કાનુની અનુમાનને વ્યાજબી અને પ્રતીજન્ય રીતે ખંડીત કરી શકેલ છે કે નહી તેવી બાબત પ્રત્યેક કેસમાં રજુ કરેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે. જો કલમ – ૧૩૯ હેઠળના કાનુની અનુમાન અંગે પ્રતીપક્ષ ધ્વારા સંતોષકારક રીતે ખંડનાત્મક પુરાવો રજુ કરી પુરવાર કરવામાં ન આવે તો તેવું અનુમાન ફરીયાદ પક્ષ ની તરફેણમાં આખરી અને નીર્ણયાત્મક બની રહે છે.

ચેક એ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ નથી તે હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર છે. વધુમાં, આ અધીનીયમની કલમ ૧૪૬ વંચાણે લેવામાં આવે તો, બેંક સ્લીપ અને રીટર્ન મેમા અંગે પણ કાયદાકીય અનુમાન કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી સદરહુ કાયદાકીય અનુમાનોને ખંડીત કરતો પુરાવો બચાવપક્ષે રજુ કરવો જરૂરી છે. જે મુજબની કાયદાકીય પરિસ્થિતી ધ્યાને લઈ હાલના કેસમાં પુરાવાની ચર્ચા કરવી જરૂરી છે.

(૯) <u>મુદ્દા નં. ૧</u>

૯.૧ ફરીયાદી તરફે દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદીએ હાલની ફરીયાદ ધી એન.આઈ.એકટ ની કલમ–૧૩૮ અન્વયેની આદેશાત્મક જોગવાઈઓનુ પાલન કરી દાખલ કરેલ હોવાની હકીકત દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. આ કામે રજુ થયેલ દલીલ તથા કેસનુ રેકર્ડ તથા ફરીયાદી તરફે રજુ સોગંદ ઉપરના પુરાવો તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આંક–૭ થી રજૂ થયેલ અસલ ચેક નં. ૦૬૮૪૬૫ નો તા. ૧૨/૧૦/૨૦૨૨ નો જણાઈ આવે છે. ફરિયાદી તર્ફે આંક–૮થી રજુ થયેલ ચેકોના રીટર્ન મેમો વંચાણે લેતા, સદર ચેક તા. ૧૪/૧૦/૨૦૨૨ ના રોજ તેઓની બેંક એક્ષીસ બેંક, અકોટા શાખા, વડોદરાના ખાતામાં જમા કરાવતા આ ચેક તા. ૧૪/૧૦/૨૦૨ ના રોજ ''ફંડ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ હોવાનુ જણાઈ આવે છે. જે અંગે ફરીયાદીએ આંક –૧૦ ની નોટીસ આરોપી ને આ અધીનીયમ મુજબની નોટીસ મોકલી આપેલ હોવાનું જણાઈ આવે છે. જે તા. ૦૧/૧૧/૨૦૨૨ ની આ રજી.એ.ડી. ના નાણા ભર્યાની પહોંચ આંક .–૧૧ થી રજુ છે. ફરીયાદી તરફે આંક –૧૨ થી રજુ થયેલ પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેક રોપોર્ટ વંચાણે લેતા સદરહુ નોટીસ તા. ૪/૧૧/૨૦૨૨ ના રોજ આરોપીને બજી ગયેલ હોવાનુ જણાઈ આવે છે. આરોપીએ આ નોટીસ બજયા બાદ આરોપીએ આ નોટીસ નો કોઈ જવાબ આપેલ હોવાનુ જણાઈ આવતુ નથી. ત્યારબાદ ફરીયાદીએ હાલની ફરીયાદ તા. ૩૦/૧૧/૨૦૨૨ ના રોજ કોર્ટ સમક્ષ લેખીત સ્વરુપમાં રજુ કરેલ છે. જે તમામ હકીકત ધ્યાને લેતા હાલની ફરીયાદ દાખલ કરવા સદરહું ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ તથા કલમ ૧૪૨(૧) ની આદેશાત્મક જોગવાઈઓનુ પાલન કરી હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનુ સચોટ પુરાવાથી પુરવાર થતુ હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ "હકારમાં" ઠરાવવામાં આવે છે.

૧૦: મુદ્દા નં. ૨ :

૧૦.૧ ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદપક્ષનો પુરાવો અને આરોપી પક્ષનો બચાવ ધ્યાને લઈ, મુદ્દા નં. ૨ ના નીર્ણય અર્થે નીચે મુજબના પેટા મુદ્દા ઉપસ્થિત થાય છે.

એ . શું ફરીયાદી તથા આરોપી વચ્ચેનો વ્યવહાર સમગ્ર રીતે કે અંશતઃ કોઈ દેવુ કે જવાબદારી અદા કરવા માટેનો હતો ?

બી. શું આરોપી નીભાવતો હોય તેવા ખાતા ઉપાડનો ચેક એ ખાતામાંથી ફરીયાદીને નાણાની ચુકવણી માટે આપેલ છે કે કેમ ? આ ચેક બેંકમાંથી ચેકના અસ્વીકાર માટે જમા રકમ અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ છે ?

સી. શું આરોપી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૯ અન્વયે “ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન અન્વયે ની વીરુધ્ધની હકીકત પુરવાર કરી શકેલ છે ?

૧૦.૨.ફરીયાદપક્ષે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ મુજબ શીક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ મુકેલ છે. આરોપી વીરુધ્ધ જે ગુનાનો આક્ષેપ છે તે અન્વયે કાયદામાં કરવામાં આવેલ ફરજીયાત અનુમાનોને લગતી જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે. આ અધીનીયમ ની કલમ ૧૩૯ , ૧૧૮ માં કરવામાં આવેલ કાયદાકીય અનુમાનો ધ્યાને લેવામાં આવે તો કાયદામાં આપવામાં આવેલ ફરજીયાત અનુમાનો સામે ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી બચાવપક્ષના શીરે છે. આ કામે રેકર્ડ ઉપરની હકીકતો જોવામાં આવે તો આરોપીએ તેઓના શીરે રહેલ પુરાવાનો બોજો દુર કરવા માટે આરોપીએ પોતે સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ નથી તથા બચાવપક્ષના સાહેદ રજુ કરેલ નથી. જો કે ના.સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદા વંચાણે લેતા, આરોપીએ આવો ખંડનાત્મક પુરાવો રજુ કરવા પોતે સાહેદી બોક્ષમાં આવવુ જરુરી નથી, પરંતુ ફરીયાદી ની રેકર્ડ ઉપરની હકીકતોથી આ અનુમાનોનુ ખંડન કરતો સંભવિત પુરાવો રેકર્ડ ઉપર લાવી શકે છે.

૧૦ .૩ નામ. સર્વોચ્ચ અદાલતના **૨૦૨૦ (૧૨) એસ.સી.સી. પેજ નં. ૭૨૪** ઉપર પ્રકાશિત થયેલ એ.પી.એસ. ફોરેક્ષ સર્વીસ પ્રા. લી. વીરુધ્ધ શકિત ઇન્ટરનેશનલ ફેશન લીન્કર્સ ના કેસમાં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

> "once the issuance of cheque has been admitted and even signature on cheque has been admitted, there is always presumption in favor of complainant that there exists legally enforceable debt or liability"

- ના. સર્વોચ્ચ અદાલત દ્વારા **Ashok Singh Vs. State Of Up & Anr., Criminal Appeal No. 4171/2024** ના કામે તા. ૦૨/૦૪/૨૦૨૫ ના હુકમમાં નોંધેલ છે કે,

> 15. There can be no dispute that in matters relating to alleged offences under Section 138 of the Act, the complainant has only to establish that the cheque was genuine, presented within time and upon it being dishonoured, due notice was sent within 30 days of such dishonour, to which re-payment must be received within 15 days, failing which a complaint can be preferred by the complainant within one month as contemplated under Section 142 (1)(b) of the Act.
>
> 16. On the other hand, the foremost defence available to the accused is to deny the very liability to pay the amount for which the cheque was issued on the ground that it was not a 'legally enforceable debt' under the Act.

જે તમામ હકીકતો ધ્યાને લઈ આ કામે ઉપરોકત પેટા મુદ્દા નં. એ થી સી ની ચર્ચા કરવી જરૂરી છે.

૧૧ :: પેટા મુદ્દા નં. ૧ :

૧૧.૧ ફરિયાદી તર્ફે રજૂઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદી અને આરોપી એક જ સોસાયટીમાં રહેતા હોવાના કારણે સારા સંબંધો બંધાયેલા હોવાથી ફરિયાદીએ આરોપીને પોતાની ખેતીની જમીન ની વેચાણ કીંમત તથા અંગત બચતમાંથી ફરીયાદની હકીકત મુજબના નાણા આપેલ હતા.

૧૧.૨ ફરીયાદીએ તેમના પુરાવામાં આંક– ૪ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ ફરીયાદ હકિકતને સમર્થન કરેલ છે. ફરીયાદીએ હાલના કેસમાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ પર આધાર રાખેલ છે. આરોપી પક્ષ તરફે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનને રિબટ કરવા માટે ફરિયાદીની વિગતવાર ઊલટ તપાસ કરવામાં આવેલ છે.સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતાં આ કામે ચેકોમાં આરોપીની સહી ન હોવા

બાબતે કોઈ સુચક પ્રશ્ન આરોપી પક્ષે પુછેલ નથી કે આ ચેક આરોપીનો ન હોવા બાબતે પણ આરોપી પક્ષે કોઈ સવાલ પુછાયેલ નથી. વધુમાં આ કામે આરોપી તરફે થયેલ સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતાં આરોપી પક્ષે ફરિયાદીને સુચક સવાલો પુછી ફરિયાદ થી વિરુધ્ધની કોઇ હકીકત રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી.

૧૧.૩. આરોપી તરફે મુખ્યત્વે દલીલ કરવામાં આવેલ છે કે, આટલી મોટી રકમ ફરીયાદી પાસે આરોપીને આપવા માટે હતી કે કેમ તે બાબતે ફરીયાદી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. ફરીયાદીએ પોતાના પુરાવાથી તેઓની આર્થિક સ્થિતી રેકર્ડ ઉપર લાવવાની રહે છે. આ કામે ફરીયાદીનો આંક-૪ નો મૌખિક પુરાવો વંચાણે લેતા ફરીયાદી ખેતી કામ કરતા હોવાનુ અને ફરીયાદીએ પોતાની અંગત બચત તથા ખેતીની જમીનના વેચાણ ના આવેલ નાણામાંથી આ પૈસા આરોપીને આપેલ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ છે. અહી, આરોપી તરફે આધાર રખાયેલ બસાલીંગપ્પા ના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા, ફરીયાદી ને આરોપીએ પોતાની સહી કરીને ચેક આપેલ હોય અને આ ચેકમાં આરોપીની સહી બાબતે આરોપી પક્ષ કોઈ તકરાર ઉત્પન્ન કરી શકેલ ન હોય ત્યારે આરોપીએ કાયદેસરના લેણા ની ચુકવણી પેટે આ ચેક આપેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. આરોપીએ આ અનુમાનો નુ ખંડન કરતી સંભવિત હકીકત રેકર્ડ ઉપર લાવવાની રહે છે. અહીં, ફરીયાદી પોતાના પુરાવામાં તેઓ આ નાણા કયાં થી લાવેલ તે સ્પષ્ટ પણે જણાવે છે ત્યારે આરોપી પક્ષે લેવામાં આવેલ ઉપરોકત તકરાર તે આ કાયદા અન્વયે અપાયેલ ઉપરોકત અનુમાનો નુ ખંડન કરતી સંભવિત હકીકત જણાઈ આવતી નથી. બચાવપક્ષે આધાર રખાયેલ ઉપરોકત ચુકાદા વંચાણે લેતા, ઉપરોકત હકીકતને આ ચુકાદામાં ઠરાવાયેલ સિધ્ધાંત આરોપી પક્ષની દલીલને મદદકર્તા નહી હોવાનુ આ અદાલત માને છે.

૧૧.૪ બચાવપક્ષ તર્ફે મુખ્યત્વે એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરિયાદીએ ચેકોનો દુરઉપયોગ કરી હાલની ફરિયાદ કરેલ છે. પરંતુ, તે બાબતે આરોપીએ ફરિયાદી વિરુધ્ધ કોઇ ફરિયાદ કરેલ હોય કે કોઇ કાયદાકીય પ્રોસીજર કરેલ હોય કે ફરિયાદીએ ખરેખર ચેકનો દુરઉપયોગ જ કરેલ હોય તો તે હકીકત રેકર્ડ ઉપર

લાવી શકેલ નથી. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવેલ હકીકતોથી વિરુધ્ધની કોઈ હકીકત બચાવ પક્ષ રેકર્ડ પર લાવેલ નથી અને આરોપીએ પોતાના બચાવમાં ચેકોનો દુરઉપયોગ કરેલ હોવાનો માત્ર મોભમ રજૂઆત કરેલ છે.

૧૧.૫. બચાવપક્ષે રજુઆત કરવામાં આવેલ છે કે, સને ૨૦૧૯ માં આરોપીએ ફરીયાદી પાસેથી રુ. એક લાખ પચાસ હજાર પુરા વ્યાજ થી નાણા લીધેલ હતા, જે સમયે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હતા. આરોપીએ આ નાણા ફરીયાદીને ચુકવી આપેલ હોવા છતા ફરીયાદીએ આરોપીને આ ચેક પરત આપેલ નહી અને તે ચેકનો દુરુપયોગ કરી હાલની ફરીયાદ દાખલ કરેલ છે. બચાવપક્ષે પોતાની ઉપરોકત રજુઆત ના સમર્થનમાં આંક–૩૨ થી આંક–૩૫ ના સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. આરોપી તરફે રજુઆત છે કે આ બેંક સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબના ચેક ધ્વારા ફરીયાદીને આરોપીએ તે દોઢ લાખ રુપિયા ચુકવી આપેલ છે. બચાવપક્ષની ઉપરોકત રજુઆત ધ્યાને લેવામાં આવે તો, જો સને ૨૦૧૯ માટે આરોપીએ ફરીયાદીને ફરીયાદ વાળા ચેક આપેલ હતા અને આરોપી પક્ષે રજુ રાખેલ ઉપરોકત સ્ટેટમેન્ટ ની હકીકતે ફરીયાદીને તેઓની લેણી રકમ ચુકવી આપેલ હોવા છતા ફરીયાદીએ આરોપીને ફરીયાદવાળા ચેક પરત આપેલ ન હતા, તો આરોપીનાઓ વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૨ સુધી આ ફરીયાદવાળા ચેક આરોપી પાસેથી પરત મેળવવા માટે કોઈ કાર્યવાહી કરેલ હોય તેવી કોઈ હકીકત આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ, આરોપીને ફરીયાદીની ચેક રીટર્નની નોટીસ મળી ત્યારે આરોપી પક્ષ પોતાનો જવાબ રજુ કરી આ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ હોત પંરતુ આરોપીનાઓ એ આવો કોઈ પ્રયત્ન કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી. અહીં, તે નોંધવુ જરુરી છે કે કાર્યવાહીના કોઈપણ તબકકે આરોપીને આ ડીમાન્ડ નોટીસ મળેલ હોવા બાબતે આરોપી પક્ષે કોઈપણ તકરાર લીધેલ નથી. વધુમાં, ફરીયાદવાળો ચેક વંચાણે લતો આઈ.ડી.બી.આઈ. બેંક નો ચેક જણાઈ આવે છે. જયારે આરોપી તરફે રજુ રાખેલ બેંક સ્ટેટમેન્ટ તે યુનિયન બેંક અને કોટક મહીન્દ્રા બેંક ના જણાઈ આવે છે. આમ, એક જ લેણા માટે ફરીયાદીને આરોપીએ પોતાની અલગ અલગ બેંકના ચેક આપેલ હોવાની

બચાવપક્ષની રજુઆત સામાન્ય રીતે શકય નથી અને સ્વીકાર્ય નથી.

૧૧.૬ બચાવ પક્ષે ફરીયાદવાળા ચેકમાં તેઓની સહી બાબતે આરોપી પક્ષે કોઈ તકરાર લીધેલ નથી. ત્યારે ના. સર્વોચ્ચ અદાલતે ઉપરોકત **૨૦૨૦ (૧૨) એસ.સી.સી. પેજ નં. ૭૨૪** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ, જો ચેકમાં સહી બાબતે કોઈ તકરાર લેવામાં ન આવેલ હોય તો સદરહુ ચેક તે તેના ડ્રોઅર ઘ્વારા તેના ધારણકર્તાને કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હોવાનુ અનુમાન કરવાનું રહે છે. ત્યારે નામ. સર્વોચ્ચ અદાલતે ઉપરોકત રોહીત જીવણભાઈ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપી વીરુઘ્ધના અપાયેલ ઉપરોકત કાયદેસરના અનુમાનો વિરુઘ્ધની હકીકત અને સંજોગો રેકર્ડ ઉપર લાવવાના બોજાનુ બચાવપક્ષ વહન ન કરે અને preponderance of probabilities તેઓના પક્ષમાં હોવાનુ પુરવાર ન કરે ત્યાં સુધી ફરીયાદપક્ષની તરફેણમાં કાયદામાં આપેલ અનુમાનો અમલમાં રહે છે. આ કામે ફરીયાદી તરફે આંક-૪ થી રજુ થયેલ ફરીયાદીની સોગંદ ઉપરની સરતપાસ વંચાણે લેતા, પોતાની ફરીયાદની હકીકતને સમર્થનકારી હકીકત જણાવેલ છે. બચાવ પક્ષ ઘ્વારા સમગ્ર કેસની કાર્યવાહીના કોઈ પણ તબકકે આંક-૭ ના ચેકમાં તેઓની સહી ન હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે આ સહીનો ઈન્કાર કરેલ નથી તેમજ આ સહી તેઓની ન હોવા બાબત કોઈ પુરાવો રજુ રાખેલ નથી. બચાવપક્ષે તેઓની સહી વાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે પણ કોઈ સ્વીકાર્ય હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. ત્યારે વિરુઘ્ધના પુરાવાના અભાવે, કાયદામાં કલમ ૧૧૮, ૧૩૯ માં ઠરાવેલ અનુમાનો અને નામ. સર્વોચ્ચ અદાલતના ઉપરોકત **૨૦૨૦ (૧૨) એસ.સી.સી. પેજ નં. ૭૨૪** ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા ફરીયાદીએ ફરીયાદ મુજબની રકમ આરોપીને આપેલ હોવાનુ અનુમાન આખરી બને છે.

૧૧.૭ પ્રસ્તુત કેસમાં, ઉપરોકત ચર્ચા મુજબ, ફરીયાદી તથા આરોપીનો પુરાવો વંચાણે લેતા ફરીયાદીએ આરોપીને ફરીયાદમાં જણાવેલ હકીકત મુજબની રકમ આપેલ

હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે.

૧૧.૮ આમ, રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આરોપીએ ફરીયાદવાળા ચેકોમાં તેઓની સહી ન હોવા બાબતે કોઈપણ જગ્યાએ તકરાર લીધેલ નથી. તેમજ તેઓની સહી વાળા ચેકો ફરીયાદી પાસે કેવી રીતે પહોંચેલ તે બાબત પણ કોઈ સ્વીકાર્ય હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ ફરીયાદીનું આરોપી પાસેથી કાયદેસરનુ લેણુ હોવાનુ અને આ લેણાની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળો ચેક આપેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. ત્યારે, આ કાયદાની કલમ ૧૧૮,૧૩૯ તથા કલમ–૨૦ અન્વયેનુ આરોપી વીરુધ્ધનુ અનુમાનનુ ખંડન કરતી સંભવિત હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નહી હોવાનુ આ અદાલત માને છે. જે તમામ ચર્ચા ધ્યાને લેતા, ફરીયાદપક્ષનુ કાયદેસરનુ લેણુ પુરવાર થતુ હોઈ અને આ કાયદેસરના લેણાની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદવાળા ચેક આપેલ હોવાનુ પુરવાર થતુ હોઈ, તેથી વીરુધ્ધની સંભવિત બચાવ પુરવાર કરવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, ઉપરોકત સમગ્ર ચર્ચા મુજબ પેટા મુદ્દા નં. એ નો જવાબ ''હકારમાં'' ઠરાવવામાં આવે છે.

૧૨. પેટા મુદ્દા નં. બી :

૧૨.૧ ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદી તરફે આંક–૪ થી ફરિયાદીનો પુરાવો વંચાણે લેતા, હાલના આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે આંક–૭ વાળો ચેક આપેલ હતો. જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં ભરતા, સદરહુ ચેક અપુરતા ભંડોળના કારણે પરત થયેલ છે. આરોપી તરફે ફરીયાદ પક્ષના સાહેદની વિગતવારની ઉલટતપાસમાં સદરહુ ફરીયાદવાળા ચેકમાં તેઓની સહી નહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી. તેમજ સદરહુ તેમની સહીવાળા ચેકો તેમના પોતાના ચેકો ફરીયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે ફરીયાદની હકીકતથી વીરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી ત્યારે ફરીયાદીની તરફેણમાં

આ અધીનીયમની કલમ–૧૩૯, ૧૧૮, ૨૦ મુજબનુ અનુમાન કરવાનુ રહે છે. જે અનુમાનોનુ ખંડન કરતી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આરોપી પક્ષ નિષ્ફળ રહેલ છે. ફરીયાદી તરફે રજુ થયેલ આંક–૮ વાળો બેંકના રીટર્ન મેમો વંચાણે લેતા, સદરહુ ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ ના કારણે પરત ફરેલ છે. જેથી વીરુધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં બચાવપક્ષ નિષ્ફળ રહેલ છે. જે તમામ હકીકત ધ્યાને લેતા, આરોપીએ તેઓ નીભાવતા હોય તેવા ખાતા ઉપાડનો ચેક એ ખાતામાંથી ફરીયાદીને નાણાની ચુકવણી માટે ફરીયાદવાળા ચેક આપેલ હતો, જે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ હોવાના કારણે પરત ફરેલ હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ હોવાનુ આ અદાલત માને છે. હોઈ, પેટા મુદ્દા નં. બી નો જવાબ ''હકારમાં'' ઠરાવવામાં આવે છે.

૧૩. પેટા મુદ્દા નં. સી. :

૧૩.૧ ઉપરોકત પેટા મુદ્દા નં. એ થી પેટા મુદ્દા નં. બી ની કરેલ ચર્ચા મુજબ, ફરીયાદીના કાયદેસરના લેણા ની વસુલાત સારુ, આરોપીએ તેઓની સહી કરી ફરીયાદ વાળા ચેક આપેલ હોવાની હકીકત થી વીરુધ્ધની કોઈ હકીકત આરોપી રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી. તેમજ, આરોપી તરફે ફરીયાદવાળા ચેકમાં તેઓની સહી ન હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે ફરીયાદવાળો આરોપીની સહી વાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે પહોંચેલ તે બાબતે કોઈ સ્વીકાર્ય હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. ફરીયાદ પક્ષ તેઓનુ કાયદેસરનુ લેણુ પુરવાર કરી શકેલ છે. ત્યારે કાયદાની ઉપરોકત સ્થિતી ધ્યાને લેતા, ધી એન.આઈ.એકટ ની કલમ–૧૩૯ અન્વયે ફરીયાદીની તરફેણમાં કાનુની અનુમાન કરવાનુ જરુરી છે. જે કાનુની અનુમાનોનુ ખંડન કરવા સારુ બચાવપક્ષે લીધેલ બચાવ ઉપરોકત ચર્ચા મુજબ સ્વીકાર્ય નહી હોવાનુ તથા સદરહુ બચાવની હકીકતોના અસ્તિત્વ પુરવાર

કરેલ નહી હોવાનુ આ અદાલત માને છે. ત્યારે આ અધીનીયમમાં કરવામાં આવેલ કલમ–૨૦, ૧૧૮ તથા ૧૩૯ માં કરવામાં આવેલ જોગવાઈ તથા નામ. વડી અદાલત તથા ના. એપેક્ષ કોર્ટના ઉપરોકત ચુકાદા વંચાણે લેતા, તથા ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી પક્ષ તરફથી રજુ થયેલ બચાવનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરતા, આરોપીએ ફરીયાદની હકીકત મુજબની કાયદેસરના અમલ થઈ શકે તેવા લેણી રકમની ચુકવણી માટે ફરીયાદવાળો આંક – ૭ વાળો ચેક આપેલ હોવાનુ અને પોતાના બેંક એકાઉન્ટમાં પુરતુ ભંડોળ ન રાખી આ ચેક પરત ફરાવેલ હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ હોવાનુ માનુ છુ. વધુમાં આરોપીને સદરહુ ચેક અંગે આ કાયદા અન્વયેની ડીમાન્ડ નોટીસ મળેલ હોવા છતા સદરહુ ચેકના નાણા ફરીયાદીને સમય મર્યાદામાં ચુકવી આપેલ ન હોવાનુ પુરવાર થયેલ છે. તેમજ આ કાયદા અન્વયે ફરીયાદીની તરફેણમાં કરવાના થતા કાયદેસરના અનુમાનોનુ ખંડન કરતી હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં આરોપી પક્ષ સફળ રહેલ ન હોઈ, પેટા મુદ્દા નં.– સી નો જવાબ ''હકારમાં'' ઠરાવવામાં આવે છે.

૧૪. નિષ્કર્ષ :

- નામ. સર્વોચ્ચ અદાલતના ૨૦૧૯ ક્રિ.લો. રી. (એસ.સી.) પેજ નં. ૧૮૭ ઉપર પ્રકાશિત થયેલ **બીર સીંગ વીરુધ્ધ મુકેશકુમાર** ના કેસનો ચુકાદો વંચાણે લેતા, ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

> "Unless contrary is proved, it is to be presumed that holder of cheque received cheque for discharge of any debt or other liability. Presumption is, however, is rebuttable, onus of proving that cheque was not in discharge of any debt or other liability is on accused, drawer of cheque."

- ના. એપેક્ષ કોર્ટના **AIR 2001 SC Page No. 3897, Hiten P. Dalal Vs. Batindranath Benarji** ના ચુકાદામાં ના. એપેક્ષ કોર્ટ ધ્વારા ઠરાવાયેલ છે કે,

> ''આરોપીએ એવો પુરાવો રજુ કરવો જોઈએ કે જેથી નોન પ્રોબેબીલીટી ઓફ ફેકટ બાબતે

કોર્ટ અનુમાન કરી શકે. આ માટે આરોપીએ સક્ષમ પુરાવો પોતાના સમર્થનમાં મુકવો જોઇએ, જેથી કોર્ટ તેનુ અનુમાન કરી શકે.''

- આ કામે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતા, ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબનો ફરીયાદપક્ષની તરફેણમાં કરેલ અનુમાનથી વિરુધ્ધની હકીકતો સંબંધે અનુમાન કરવા લાયક પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આરોપી સફળ રહેલ નથી.
- બચાવ પક્ષે લેવામાં આવેલ બચાવ અંગે માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં બચાવપક્ષ સફળ રહેલ નથી તેમજ ફરીયાદ પક્ષની તરફેણમાં થયેલ પ્રાથમીક અનુમાનો વીરુધ્ધની કોઈ હકીકત પુરવાર કરવામાં બચાવપક્ષ સફળ રહેલ નથી, ત્યારે આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાની ચુકવણી પેટે ફરીયાદ વાળો ચેક આપેલ હોવાનુ ફરીયાદીની તરફેણમાં કરેલ પ્રાથમીક અનુમાન આખરી અને નિર્ણાયક બને છે.
- જે ફરીયાદવાળો આંક-૭ નો ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ, જે બાદ આરોપીને કાયદેસરની નોટીસ આપેલ હોવા છતાં નોટીસમાં જણાવેલ ચેકની રકમ નોટીસ સમય મર્યાદામાં કે તે બાદ ફરીયાદીને ચુકવી આપેલ નથી અને તેમ કરીને આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ અન્વયેનો શીક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનુ ફલીત થાય છે.
- પ્રસ્તુત કેસના ઉપરોકત સંજોગો અને પરિસ્થિતી ધ્યાને લેતા, આરોપી પક્ષ તરફે આધાર રખાયેલ ચુકાદા તે આરોપીની દલીલોને મદદકર્તા નહી હોવાનુ આ અદાલત માને છે.
- જે તમામ હકીકતો ધ્યાને લેતા ઉપરોકત તમામ ચર્ચા મુજબ પેટા મુદ્દા નં.' એ' થી 'સી' નો જવાબ ફરીયાદપક્ષની તરફેણમાં આપુ છુ, અને તે મુજબ આરોપી વીરુધ્ધના આ કાયદા અન્વયેના પ્રાથમિક અનુમાનો આખરી બનતા હોઈ, મુદ્દા નં. ૨ નો જવાબ ''હકારમાં'' આપી, આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ

ની કલમ૧૩૮ ના સજા પાત્ર ગુના અન્વયે તકસીરવાન ઠરાવી, મુદ્દા નં. ૩ પરત્વે સજાનો આખરી હુકમ કરતા પુર્વે આરોપીને સજા બાબતે સાંભળવા જરુરી જણાઈ આવતુ હોઈ, હાલનુ કામ સજા બાબતે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા. ૨૯મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

તા. ૨૯/૧૧/૨૦૨૫

સ્થળ : વડોદરા

(બકુલકુમાર મણીલાલ રાજ)

જ્યુડિશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

પ્રથમ કોર્ટ, વડોદરા.

જજ કોડ – જીજે ૦૧૪૬૨

૧૫. સાંભળ્યા. સજા બાબતે ફરીયાદી તરફે વિ.વ.શ્રી શાહ તથા આરોપી તરફે વિ.વ.શ્રી દાયમા ને સાંભળ્યા.

- **આ કામે ફરીયાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે,** ફરીયાદી ખેડુત માણસ છે અને ફરીયાદીએ આરોપીને હાથ ઉછીના નાણા આપેલ. જે કાયદેસરના લેણાની ચુકવણી કરવાની બાંહેધરી આપી આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળા ચેક આપેલ અને આ આરોપીએ પોતાના ખાતામાં પુરતુ બેલેન્સ ન રાખી ફરીયાદવાળા ચેક વણચુકવેલ પરત ફરાવેલ છે. આરોપીએ આપેલ વિશ્વાસ મુજબ, ફરીયાદીની લેણી રકમ નહી મળતા ફરીયાદીનેં ઘણુ જ સહન કરવુ પડેલ છે અને તે કારણે ફરીયાદીના રોજીંદા જીવનમાં પણ ઘણુ જ સહન કરવુ પડેલ છે. કાયદા ધ્વારા ચેક ધ્વારા થતા વ્યવહાર અંગે સમાજમાં વિશ્વાસ જળવાઈ રહે તે હેતુથી કાયદાના ઘડનારા ધ્વારા આ કલમની જોગવાઈ કરવામાં આવેલ છે, ત્યારે જો આરોપીને પુરવાર થયેલ આ સજાપાત્ર ગુના સારુ કડક સજા કરવામાં નહી આવે તો કાયદો બનાવવાનો મુળ આશય મરી પરવારશે. ઉપરોકત હકીકતે ફરીયાદી તરફે આરોપીને કડકમાં કડક સજા કરવા તથા ફરીયાદીને થયેલ નુકશાન બાબતે વળતર ચુકવવા અરજ ગુજારવામાં આવેલ છે.
- **બચાવપક્ષે રજુઆત કરવામાં આવેલ છે કે,** આરોપી ને કુટુંબ કબીલાવાળા અને સ્થાનિક રહેવાસી છે અને સ્ત્રી માણસ છે. તેઓ ઉપર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. તે તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને ન્યુનતમ સજા કરવા રજુઆત કરેલ છે.

૧૬. આ કામે ફરીયાદ પક્ષ આરોપી સામે ધી નેગો. ઈ. એકટ ની કલમ ૧૩૮ અન્વયેનો ગુનો પુરવાર કરી શકેલ છે. ના. સુપ્રિમ કોર્ટ ધ્વારા અનેક ચુકાદામાં કાયદાના અવકાશનુ વર્ણન કરેલ છે અને ધી. નેગો. ઈ. એકટ કલમ – ૧૩૮ હેઠળ પુરતી સજાની જરુરીયાત ઉપર ભાર મુકેલ છે. હાલમાં દેશમાં નાણાકીય વ્યવહારો યોગ્ય અને સરળ રીતે થઈ શકે તેમજ લોકો વચ્ચે પ્રમાણીકતા થી સમગ્ર દેશમાં નાણાકીય વ્યવહારો થઈ શકે તે માટે ચેક ને ઉપકરણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. માત્ર લેણદારો ની છેતરપીંડી કરવાના

કારણે હાલમાં વ્યવસાયીક લેવડ દેવડમાં ચેક થી થતા વ્યવહારો ઘટવા પામેલ છે. ચેક પરત થતા બેંકીગ તથા અન્ય વ્યવસાયમાં ચેક ધ્વારા થતા વ્યવહારોની વિશ્વનીયતા ને ગંભીર અસર પડેલ છે. ભારતની સસંદ ધ્વારા રોકડ વ્યવહારોના પર્યાય તરીકે ચેક થકી વ્યવહારો થાય તે માટે ધી નેગો.ઈ.એકટ માં પ્રકરણ –૧૭ ઉમેરવામાં આવેલ છે. વધુમાં હાલમાં ચેક રીટર્ન ના કેસોની સંખ્યામાં વધારો થયેલ છે. જેથી સામાન્ય માણસોમાં ચેક થકી થતા વ્યવહારોમાં વિશ્વસનીયતા રહેલ નથી.

- આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણા મેળવી, આ નાણા ફરીયાદીને પરત આપવાની બાંહેધરી આપી, તે રકમ ચુકવી આપવા સારુ ફરીયાદવાળા ચેક આપેલ છે. જે ચેક આરોપીના ખાતામાં પુરતા ભંડોળના અભાવે વણચુકવે પરત થયેલ છે અને તેમ કરી આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ– ૩૬૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા તેમજ આરોપી સામે પુરવાર થયેલ ગુનાની હકીકતો જોતા, ઉપરોકત કારણોસર આરોપીને પ્રોબેશનનો લાભ મળવાપાત્ર નહી હોવાનુ હું માનુ છુ.

૧૭. પક્ષકારો તરફે થયેલ રજુઆતો તેમજ કેસની હકીકતો જોતા, ફરીયાદીએ હાલની રકમ આરોપીને હાથ ઉછીનો આપેલ, જે રકમ ફરીયાદીને પરત ચુકવી આપવાની ખાત્રી આપેલ, તે લેણી રકમ છે, જે રકમના અભાવે ફરીયાદી ને પોતાને જીવન ઘણીં મુશ્કેલીઓ ઉભી થયેલ હોવાનુ માની શકાય તેમ છે. જે તમામ હકીકતો તેમજ હાલના કાયદાનો ઉદ્દેશ તેમજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓ થતા અટકે તેમજ બહુજન સમાજનો ચેકથી થતા વ્યવહારમાં વિશ્વાસ ટકી રહે તે જરુરી છે. આરોપી સામેના પુરવાર થયેલ ગુનાની સજાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો બે વર્ષ સુધીની કેદની સજાની જોગવાઈ અથવા ચેકની રકમ કરતા બે ગણા દંડની રકમ અથવા બંને ની જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપી સામે પુરવાર થયેલ ગુનાની ગંભીરતા, આરોપીની ઉંમર ધ્યાને લઈ, તથા આરોપીના હાલના ગુનાના કારણે ફરીયાદીને ભોગવેલ પરીતાપ અને નુકશાન ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબના આખરી હુકમ મુજબ સજાનો

હુકમ કરવામાં આવે છે.

૧૮. હાલના કામે ફરીયાદપક્ષે વળતરની માંગણી કરેલ છે. આરોપીને ફરીયાદીએ સદરહુ રકમ નીયત સમયમાં પરત કરવાની હતી, તે નીયત સમયમાં આરોપીએ આ રકમ પરત નહી કરતા ફરીયાદીની રકમ ખોટી રીતે રોકી રાખેલ છે.

- ના. સર્વોચ્ચ અદાલત દ્ધારા **2001 (1) Crimes.S.C. Page No. 165, Pankajbhai Nagjibhai Patel Vs. State of Gujarat ના ચુકાદામાં ઠરાવાયેલ છે કે,** ''ચેકનો અનાદર થયેથી, દંડ, સજા તથા નુકશાન વળતર ચુકવવાનો હુકમ થઈ શકે અને મેજીસ્ટ્રેટે સી.આર.પી.સી. ની કલમ ૩૫૭ હેઠળની સતા વાપરવી જોઈએ.''
- ના. એપેક્ષ કોર્ટના **આર. વિજયન વીરુઘ્ધ બેબી અને બીજાઓના AIR 2012 SUPREME COURT PAGE NO. 528** ના ચુકાદામાં ક્રિ.પ્રો. કોડ ની કલમ ૩૫૭ હેઠળ વળતર ચુકાવવા અંગે ઠરાવેલ સિધ્ધાંત વંચાણે લેતા, ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંત તથા ના.સવોચ્ચ અદાલતના ઉપરોકત પંકજભાઈ નાગજીભાઈ ના ચુકાદામાં ઠરાવેલસીઘ્ધાંત તથા આ કામે આરોપીના પુરવાર થયેલ હાલના ગુનાના કારણે ફરીયાદીને થયેલ નુકશાન તથા આરોપીની કસુરના કારણે ફરીયાદીના કીંમતી સમયનો વ્યય થયેલ હોય તેમજ તેઓની રોજ બરોજની પ્રવૃતીને અસર થયેલ છે. જે હકીકતો ઘ્યાને લઈ સી.આર.પી.સી.ની કલમ ૩૫૭ મુજબ ફરીયાદીને ચેકની રકમ થી દોઢી રકમ વળતર તરીકે ચુકવવા હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે, જે તમામ હકીકતો ઘ્યાને લઈ, નીચે મજુબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// આખરી હુકમ //

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૨) અન્વયે **આરોપી : સંગીતા પરીક્ષિત મહેતા, રહે. ''પરીક્ષિત'', ૪૦૧, એ ટાવર, ચોથે માળ, સાકેટ ફ્લેટસ, વી.એમ.સી. વોર્ડ ઓફીસ–૬ પાછળ, વડોદરા** વાળા ને ફોજદારી કેસ નં. ૨૯૬૮૬/૨૦૨૨ ના કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ અન્વયેના શીક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) **આરોપી : સંગીતા પરીક્ષિત મહેતા, રહે. ''પરીક્ષિત'', ૪૦૧, એ ટાવર, ચોથે માળ, સાકેટ ફલેટસ, વી.એમ.સી. વોર્ડ ઓફીસ–૬ પાછળ, વડોદરા** વાળાને ફોજદારી કેસ નં. ૨૯૬૮૬/૨૦૨૨ ના કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ અન્વયેના શીક્ષાપાત્ર ગુના માટે ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ ૩૫૭ (૩) મુજબ, આરોપી નાએ ચેક ની રકમ થી દોઢી રકમ રુપિયા – ૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ પુરા) આ હુકમની તારીખ થી તે રકમ વસુલ આવે ત્યાં સુધી આ રકમ ઉપર વાર્ષિક ૬ ટકાના વ્યાજ સાથે ની રકમ વળતર પેટે આ હુકમથી એક માસના સમયગાળામાં ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૪૨૮ અન્વયે કાચા કામના કેદી તરીકે ભોગવેલી સજા મજરે આપવી. આરોપીએ તમામ કેદની સજા એક સાથે ભોગવવી.

(૫) આરોપી જામીન મુકત હોય તેઓને તાત્કાલીક કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૩૬૩ અન્વયે સદર ચુકાદાની એક નકલ વિના મુલ્યે તાત્કાલીક આપવી.

ચુકાદો આજરોજ **તા.૨૯મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

તા. **૨૯/૧૧**/૨૦૨૫ (બકુલકુમાર મણીલાલ રાજ)

સ્થળ : વડોદરા **જયુડિશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

પ્રથમ કોર્ટ, વડોદરા.

જજ કોડ – જીજે ૦૧૪૬૨